ના. એન.એ./લે.રે.કો.ક./૬૫/કેસ નં.૨૩૧/૧૧–૧૨



જિલ્લા સેવા સદન,
કલેકટર કચેરી,
બિનખેતી શરતભંગ શાખા,
શ્રોફ રોડ, રાજકોટ.
તા. ૬ /૬/૨૦૧૨

<u>વિષય ::</u> રાજકોટ શહેરના સર્વે નંબર–૬૧/૧ પૈકી ૧ ની ટી.પી.સ્કીમ નં.૧૮ ના મુળ ખંડ નં.૨૪ ની જમીન ચો.મી.૩૨૩૭૫–૦૦ ની સામે આખરી ખંડ નં.૨૪/૧ ની જમીન ચો.મી.૧૬૭૧૮–૦૦ તથા આખરી ખંડ નં.૨૪/૨ ની જમીન ચો.મી.૫૮૫૮–૦૦ મળી કુલ ફાળવેલ જમીન ચો.મી.૨૨૫૭૬–૦૦ ને રહેણાંકનાં હેતુ માટે બિનખેતી <u>પરવાનગી આપવા બાબત.</u>

<u>વંચાણ ::</u>

(1) અરજદારશ્રી જગજીવનભાઈ રણછોડભાઈ પટેલ વિગેરે,
રહેવાસી : રાજકોટની (૧)તા.૪/૮/૨૦૦૯ (૨) તા.૨૯/૧૦/૨૦૦૯
(૩) તા. ૧૯/૫/૨૦૧૦ (૪) તા. ૩૦/૧૧/૨૦૧૦ (૫) તા. ૧૫/૧૦/૨૦૧૧
(૬) તા. ૧૯/૧/૨૦૧૨ તથા (૭) તા. ૬/૩/૨૦૧૨ ની અરજીઓ

(2) નાયબ કલેકટરશ્રી, **રાજકોટ શહેરનાં** (૧) તા.૭/૯/૨૦૦૯ ના પત્ર ક્રમાંક : પ્રાંક/જમન/૧/એન.એ./રજી.નં.૯૧/૦૯ (૨) તા. ૧૬/૨/૨૦૧૨ ના પત્ર ક્રમાંક : પ્રાંક/જમન/૧/એન.એ./રજી.નં. ૧૮૨/૧૧/વશી/૪૨૮૬/૧૧/૮૦૦/૧૨
(૩) તા.૨૦/૩/૨૦૧૨ ના પત્ર ક્રમાંક : પ્રાંક/જમન/૧/એન.એ./રજી.નં. ૧૮૨/ ૧૧/વશી/ ૧૦૬૭, ૧૦૯૬, ૧૦૯૯/૧૨ (૪) તા. ૧૮/૫/૨૦૧૨ ના પત્ર ક્રમાંક : પ્રાંક/જમન/૧/એન.એ./ રજી.નં. ૧૮૨/૧૧/વશી/ ૧૦૬૭, ૧૦૯૬, ૧૦૯૯/૧૨

(3) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, **રાજકોટનાં** તા.૨૬/૮/૨૦૦૯ નાં પત્ર ક્રમાંક : એલએકયુ / રાજકોટ / ૬૧ / ૧ / પૈકી / વશી / ૧૭૧ / ૦૯

(4) નાયબ કલેકટરશ્રી, જમીન સંપાદન અને પુનઃવસવાટ (સિંચાઈ) રાજકોટનાં તા. ૧૮/૮/૨૦૦૯ નાં પત્ર ક્રમાંક : એલ.એ.કયુ / બિનખેતી / રજી.નં.૯૩૯ / ૦૯

(5) અધિક મામલતદારશ્રી, **રાજકોટ શહેરનાં**
(૧) તા.૭/૯/૨૦૦૯ નાં પત્ર ક્રમાંક : જમન / બખપ / વશી / ૨૩૬૫ / ૧૧
(૨) તા. ૧૦/૨/૨૦૧૨ નાં પત્ર ક્રમાંક : જમન / એન.એ. / વશી / ૨૪૫૫ / ૧૨

(6) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, રાજકોટના તા. ૩/૧૦/૨૦૦૯ ના પત્ર ક્રમાંક : સિંચાઈ / વહી / વશી / ૧૧૨૬

(7) કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ વિભાગ, રાજકોટના તા. ૧૪/૧૦/૨૦૦૯ ના પત્ર ક્રમાંક : પીબી–૧ / બિનખેતી / ૭૧૦૯

(8) મહાનગરપાલિકા, રાજકોટનાં
(૧) તા.૨૯/૮/૨૦૦૯ ના પત્ર ક્રમાંક : રા.મ્યુ.કો. / ટા.પ્લાનીગ / જા.નં.૪૦૪
(૨) તા.૨/૧૨/૨૦૧૧ ના પત્ર ક્રમાંક : રા.મ્યુ.કો. / ટી.પી. / ઓફીસ / જા.નં.૫૫૬
(૩) તા. ૩૧/૩/૨૦૧૨ ના પત્ર ક્રમાંક : રા.મ્યુ.કો. / ટી.પી. / ઈસ્ટ / જા.નં.૬૯૯

(9) આસી.ટાઉન પ્લાનરશ્રી, મહાનગરપાલિકા, રાજકોટનાં તા.૨/૮/૨૦૧૧ વર્ગીકરણ પત્ર નં.૨૮

(10) આ કચેરીની **તા.૨૯/૫/૨૦૧૧** ની નોંધ પરનો આદેશ

(11) અત્રેના અધિકારો અનામત રાખ્યાના જાહેરનામા ક્રમાંક : ડીઓ/રેવ/પાવર્સ/વશી / ૧૫૦૨, તા. ૧૯/૩/૧૯૯૩

(12) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા. ૨૨/૪/૨૦૦૩ નાં પરિપત્ર નાં. એલઆરસી / ૧૦/૨૦૦૨/૧૬૪૦/ થી રૂપાંતર કર તથા બિનખેતી આકારનાં નકકી થયેલ દર

(13) સરકારશ્રીનાં મહેસુલ વિભાગ, ગાંધીનગરનાં તા. ૨/૭/૨૦૦૮ તથા <u>તા.૮/૪/૨૦૧૧ નાં સરખા ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક.</u>

## –: હુકમ :–

**રાજકોટ શહેરનાં** ખાતેદારશ્રી **જગજીવનભાઈ રણછોડભાઈ પટેલ વિગેરે** એ તેઓના ગામ નમુના નાં. ૮–અ ના ખેતી ખાતા **નાં.૧૦૮ ની રાજકોટ શહેરનાં** સ.નં. **૬૧/૧ પૈકી ૧ ની ટી.પી.સ્કીમ નં.૧૮ ના મુળ ખંડ નં.૨૪ ની** જમીન **ચો.મી.૩૨૩૭૫–૦૦ ની સામે આખરી** ખંડ **નં.૨૪/૧ ની જમીન ચો.મી.૧૬૭૧૮–૦૦ તથા આખરી ખંડ** નં.**૨૪/૨ ની જમીન ચો.મી.૫૮૫૮–૦૦ મળી કુલ ફાળવેલ જમીન ચો.મી.૨૨૫૭૬–૦૦** ને રહેણાંકનાં હેતુ માટે બિનખેતી આકાર નકકી કરવા અત્રેને વંચાણ–૧ મુજબ અરજી રજુ કરવામાં આવેલ છે. અરજદારની અરજી સંબંધમાં સબંધિત ખાતાઓની કચેરીઓના **'ના–વાંધા પ્રમાણપત્ર'** માંગવામાં આવેલ, જે ઉપરોકત **વંચાણ– ૨ થી ૮** સુધીના દર્શાવેલ પત્રોથી આવેલ છે. તેમજ કોઈ તરફથી **વાંધાજનક** હકીકત રજુ થયેલ નથી. સવાલવાળી જમીનનો લે–આઉટ પ્લાન **આસી.ટાઉન પ્લાનર શ્રી, આર. એમ. સી.,** રાજકોટ તરફથી **વંચાણ–**૯ ના પત્રથી મંજુર કરેલ છે.

આમ ઉપરોક્ત વિગતે **વંચાણ–૨ થી ૮** સુધીના દર્શાવેલ તમામ પત્રોનું અવલોકન કરતાં સવાલવાળી જમીન **રહેણાંકનાં** હેતુ માટે બિનખેતી આકાર નકકી કરવા લગત કચેરીઓનાં અભિપ્રાયો આવેલ હોય સવાલવાળી જમીનનો **રહેણાંકનાં** હેતુ માટે બિનખેતી આકાર નકકી કરવા પરવાનગી આપવા હરકત સરખુ જણાતું ન હોય, **રાજકોટ શહેરનાં** સર્વે નં. **૬૧/૧ પૈકી ૧ ની ટી.પી.સ્કીમ નં.૧૮ ના મુળ ખંડ નં.૨૪ ની જમીન ચો.મી.૩૨૩૭૫-૦૦ ની સામે આખરી ખંડ નં.૨૪/૧ ની જમીન ચો.મી.૧૬૭૧૮–૦૦ તથા આખરી ખંડ નં.૨૪/૨ ની જમીન ચો.મી.૫૮૫૮–૦૦ મળી કુલ ફાળવેલ જમીન ચો.મી.૨૨૫૭૬–૦૦** ને લેન્ડ રેવન્યુ કોડની કલમ–૬૫ અનુસાર તથા વંચાણ–**૧૧** ના જાહેરનામાથી અમોને મળેલ અધિકારની રૂએ તથા **વંચાણ–૧૩** મુજબનાં ઠરાવની જોગવાઈ મુજબ નીચે જણાવેલ શરતોને આધીન રહીને **રહેણાંકનાં** હેતુ માટે બિનખેતી આકાર નકકી કરવાની આથી પરવાનગી આપવામાં આવે છે.

સવાલવાળી આ ખેતીની જમીનને **રહેણાંકનાં** હેતુ માટે બિનખેતી આકાર નકકી કરવાની થતી કુલ જમીન ચો.મી.**૨૨૫૭૬–૦૦** ના દર ચો.મી. એકના **રૂા.૧૦/–** ની ગણતરીએ **રૂપાંતર કરની રકમ રૂા.૨,૨૫,૭૬૦/–** અંકે રૂપિયા : **બેલાખ પચ્ચીસ હજાર સાતસો સાંઈઠ** પુરા **સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, રેસકોર્ષ રોડ શાખા,** રાજકોટ ખાતે ચલણ **નાં : ૫૮૫, તા.૧/૬/૨૦૧૨ થી** જમા કરાવીને અસલ ચલણ અત્રેને રજુ કરવામાં આવેલ છે. જે કેસ ફાઈલે સામેલ રાખવામાં આવેલ છે. સવાલવાળી જમીનનો નીચેની શરતોને આધીન રહીને **રહેણાંકનાં** હેતુ માટે બિનખેતી આકાર નકકી કરવામાં આવે છે, જે ખાતેદાર તથા ઉત્તરોત્તર જમીન કે મકાન ખરીદનારાઓને લાગુ પડશે.

સવાલવાળી જમીનમાં ટી.પી.સ્કીમ અમલી બન્યેથી તેમાં આવતા ફેરફારો અરજદારો તથા ઉત્તરોત્તર ખરીદનારાઓને બંધનકર્તા રહેશે તેમજ **આસી.ટાઉન પ્લાનરશ્રી, રાજકોટ મ્યુનિ.કોર્પોરેશનનાં વર્ગીકરણ નં.૨૮, તા.૨/૯/૨૦૧૧** માં જણાવેલી શરતોની અમલવારી કરવાની રહેશે. અરજદારશ્રીએ સદરહુ જમીનમાં રોડ, રસ્તા, લાઈટ, પાણી, ગટર તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશે. સદરહુ જમીન ઉપર બાંધકામ પરવાનગી આપતા પહેલા સંબંધીત સત્તાધિકારીએ જમીનનાં રોડ, રસ્તાં, વીજલાઈન, રેલ્વેલાઈન, કેનાલ, બાંધકામરેખા, નિયંત્રણરેખા, એપ્રોચ, વિગેરે ચકાસી તે અંગેના નિયમો ધ્યાને લઈ તે અનુસાર જ બાંધકામ / વિકાસ પરવાનગી આપવાની રહેશે. સદરહુ જમીન ૮–અ નાં ખેતી ખાતા **નંબર–૧૦૮ ના સર્વે નં.૬૧/૧ પૈકી ૧ ની** જમીન બિનખેતી થતી હોઈ આ ખેતી ખાતું બંધ કરવાનું રહેશે.

**–: *શરતો* :–**

1. ડિસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકડર્સ દ્વારા ઈશ્યુ કરાયેલ માપણીશીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવેલ હોવો જોઈએ.
2. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાનાં રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજાચીઠ્ઠી મેળવી શકશે નહી.
3. શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનીંગનાં નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.
4. મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.
5. અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે–તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાનાં મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.
6. ઔદ્યોગિક હેતુ માટે મંજૂરી માંગેલ હોય તો બાંધકામ કરતા પહેલા જીલ્લા ઉદ્યોગ અધિકારીની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

7. ફ્લોર મીલ, સિનેમા / ટુરીગ સિનેમા / થીયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

8. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

9. ઈન્ડીયન એક્ષપ્લોઝીવ એકટ અન્વયે મેંગેનીઝ, ફાયરવર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતાં પહેલા જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

10. સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

11. સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદની ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

12. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર / હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

13. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું **"ના વાંધા પ્રમાણપત્ર"** સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે.

14. ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે.

15. ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

16. નર્મદા કેનાલ / અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

17. અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈનું પાલન કરવાનું રહેશે.

18. અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન / જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

19. અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદની જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

20. સવાલવાળી જમીન **સર્વે નંબર–૬૧/૧ પૈકી ૧ ની ટી.પી.સ્કીમ નં.૧૮ ના મુળ ખંડ નં.૨૪ ની જમીન ચો.મી.૩૨૩૭૫–૦૦ ની સામે આખરી ખંડ નં.૨૪/૧ ની જમીન ચો.મી.૧૬૭૧૮–૦૦ તથા આખરી ખંડ નં.૨૪/૨ ની જમીન ચો.મી.૫૮૫૮–૦૦ મળી કુલ ફાળવેલ જમીન ચો.મી.૨૨૫૭૬–૦૦ ને ફક્ત** **રહેણાંકનાં હેતુ** માટે જ બિનખેતી આકારનકકી કરવા પરવાનગી આપવામાં આવે છે, તે સિવાય અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ થઈ શકશે નહી. ટી.પી. કપાતવાળી જમીન રાજકોટ મ્યુ.કોર્પોરેશનનાં ખાતે રાખવા નોંધ કરવાની રહેશે.

21. સવાલવાળી જમીનના મંજુર કરેલ લે–આઉટ પ્લાનને અનુરૂપ પ્લોટવાઈઝ ડીટેઈલ્ડ બિલ્ડીંગ પ્લાન તથા સાઈટ એલીવેશન પ્લાન **આ હુકમ મળ્યાની તારીખથી ત્રણ માસની અંદર** અરજદારશ્રીએ આસી.ટાઉન પ્લાનર શ્રી, આર.એમ.સી. રાજકોટ પાસે મંજુર કરાવવાના રહેશે, અને **છ માસની અંદર** બાંધકામ શરૂ કરવાનું રહેશે અને બે વર્ષમાં બાંધકામ પુર્ણ કરવાનું રહેશે.

22. સવાલવાળી જમીનની માપણી ફીની રકમ **રૂા.૬૦,૩૦૦/– સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, રેસકોર્સ રોડ શાખા, રાજકોટ** ખાતે ચલણ **નાં : ૫૫૮, તા.૧/૬/૨૦૧૨** થી અરજદારશ્રીએ ભરપાઈ કરી ચલનની ઝેરોક્ષ નકલ અત્રે રજુ કરી છે, તે મુજબ દિવસ–૩૦ માં અરજદારશ્રીએ જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, રાજકોટની કચેરીમાં સવાલવાળી જમીનની માપણી કરાવી માપણી શીટની નકલ અત્રેને રજુ કરવાની રહેશે.

23. સાર્વજનીક પ્લોટ તરીકે અનામત રાખવામાં આવેલ જગ્યાનો ઉપયોગ સાર્વજનીક હેતુ માટે જ થઈ શકશે. તે સિવાય વ્યક્તિગત ઉપયોગ માટે વેંચાણ, ગીરો, બક્ષીસ કે હરરાજી કે અન્ય કોઈપણ પ્રકારના વેંચાણ વ્યવહાર થઈ શકશે નહી, તેમજ કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીના રહીશોની સહીયારી માલીકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરોની સહિયારી માલીકીની ગણાશે, તે ઉપર મૂળ માલીકનો કોઈ હકક રહેશે નહી.

24. બાંધકામના નિયમોની જોગવાઈ પ્રમાણે સોસાયટીની એટલે કે બધાની સહીયારા ઉપયોગ માટે કલબ, ઓફીસનું મકાન, સહકારી ભંડાર બાંધવા કોમન પ્લોટના **૧:૬** ભાગના ક્ષેત્રફળમાં બાંધકામ કરવા પ્લોટ હોલ્ડરો ઈચ્છે તો મંજુરી મેળવી તેમ કરી શકે છે, તે સિવાયના કોઈપણ હેતુ માટે સાર્વજનીક પ્લોટ ઉપયોગ હોય તો પણ કોમન પ્લોટમાં બાંધકામ કરી શકાશે નહી.

25. રસ્તા અને કોમન પ્લોટની જમીનનું હરરાજીથી, બક્ષીસથી કે અન્ય કોઈપણ રીતે વેચાણ કે તબદીલી થઈ શકશે નહી.

26. આ હુકમની **શરત નં. ૨૨** નું પાલન થયે તેમજ અપીલ પીરીયડ પુરો થયા બાદ સનંદ નિયત નમુનામાં તૈયાર કરી **મામલતદારશ્રી, રાજકોટ શહેર**એ અત્રે મોકલી આપવાની રહેશે.

27. સાર્વજનીક પ્લોટ તથા રસ્તા સહિતની સમગ્ર જમીનનો બિનખેતી આકાર પ્લોટ વેંચાણ કરવામાં આવે ત્યાં સુધી મુળ ખાતેદાર અને પ્લોટ વેંચાણ કર્યેથી તમામ પ્લોટ હોલ્ડરોએ પ્રમાણસર ભરવાનો રહેશે.

28. હાલમાં નકકી કરેલ તે દરે તથા સરકારશ્રી તરફથી વખતોવખત નકકી થાય તે દરે બિનખેતીનો આકાર ભરવાનો રહેશે.

29. લાગુ બિનખેતી થયેલ જમીનમાંથી પ્રવેશ મેળવેલ હોય તો તે જમીન માલીકની પ્રવેશ અંગેની સંમતિ મેળવવાની રહેશે, તેમજ સ્થળ પર લાગુ રસ્તાઓ આવતા હોય તો પણ મેળવી લેવાના રહેશે તથા તે અરજદારોને તથા ઉત્તરોત્તર ખરીદનારાઓને બંધનકર્તા રહેશે. **રસ્તા કાયમી ધોરણે ખુલ્લા રાખવાના રહેશે.**

30. સરકારશ્રીમાંથી આ બાબતે વખતો વખત સુધારા થાય તે મુજબની શરતો લાગુ પડશે.

31. સવાલવાળી જમીનનો **રહેણાંક હેતુ** માટેનો બિનખેતી આકાર દર ચો.મી.એકના **૦–૨૫ પૈસા મુજબ તા. ૧/૮/૨૦૧૧** થી લેવાનો રહેશે અને મંજુર કરેલ લે–આઉટ પ્લાન મુજબ વિગતવાર બિનખેતી આકાર પ્લોટવાઈઝ આ સાથેના પત્રક–૧ મુજબ મુકરર કરવામાં આવે છે. બિનખેતી આકાર નજીકનાં દશાંશમાં વસુલ કરવાનો રહેશે.

32. સવાલવાળી જમીન બાબતમાં કોઈપણ નામદાર કોર્ટમાં કોઈ કેસ ચાલતો હશે તો તે અરજદારોને તથા ઉત્તરોત્તર ખરીદનારાઓને બંધનકર્તા રહેશે

ઉપરોકત બિનખેતી આકારની નોંધ ગામ તથા તાલુકા દફતરે તેમજ સનંદમાં કરવાની રહેશે. સનંદ નમુના **'એમ'** માં મામલતદારશ્રી, **રાજકોટ શહેરએ** અપીલ પીરીયડ પુરો થયા બાદ તૈયાર કરી અત્રે મોકલી આપવાની રહેશે. ગામ તથા તાલુકા દફતરે દાખલો રાખવો. અરજદારે ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

*રવાના કર્યુ*

*મામલતદાર*
*બિનખેતી/શરતભંગ,*
*રાજકોટ*

*સહી :-* *(ડો. રાજેન્દ્ર કુમાર)*
*કલેકટર*
*રાજકોટ જીલ્લા*
*રાજકોટ*

***:: By. Registered A.D. ::***

પ્રતિ, **(પ્લાન સાથે)**

**(૧) શ્રી જગજીવનભાઈ રણછોડભાઈ પટેલ**
**(૨) શ્રી ગીરીશભાઈ રણછોડભાઈ પટેલ**
**(૩) શ્રી મહેશભાઈ રણછોડભાઈ પટેલ**
**(૪) શ્રી પ્રવિણભાઈ રણછોડભાઈ પટેલ**

"ગીરી કુંજ"
૭-રણછોડનગર સોસાયટી,
રાજકોટ.

*નકલ રવાના :-*

1. નાયબ કલેકટરશ્રી, **રાજકોટ શહેર (પ્રાંત)**
2. **આસી.ટાઉન પ્લાનર શ્રી, આર.એમ.સી.**, રાજકોટ
3. જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, રાજકોટ – માપણી ફી ભર્યાની પહોંચની નકલ સામેલ છે. સવાલવાળી જમીનની માપણી થયે આધારો મોકલી આપવા સારૂ.
4. સીટી સર્વે ઓફીસરશ્રી, **રાજકોટ શહેર**
5. મામલતદારશ્રી, **રાજકોટ શહેર**–હુકમ મુજબ અમલ કરવા તથા નોંધ પ્રમાણિત થયે તુરંત આધાર મોકલી આપવા વિનંતી છે.
6. નાયબ મામલતદારશ્રી, ઈ–ધરા C/O મામલતદાર કચેરી, **રાજકોટ શહેર**–હુકમ મુજબ ગામ દફતરે નોંધ કરવા સારૂ.
7. તલાટીશ્રી, **રાજકોટ** C/O મામલતદાર કચેરી, **રાજકોટ શહેર**–હુકમ મુજબ અમલવારી કરવા તથા ગામ દફતરે હુકમ મુજબ નોંધ પ્રમાણીત થયે તુરંત આધાર અત્રે મોકલી આપવા સારૂ.
8. પરિશિષ્ટ–પની ફાઈલે.
9. આ કચેરીની રેકર્ડ શાખા.

...હુકમ નં.એનએ-લેકાક-૬૫-કેસ નં.૨૩૧/૧૧-૧૨ તા. ૬-૬-૨૦૧૨ સાથે જોડવાનું પત્રક-૧

(આકાર રૂ.૦.૨૫ પૈસા મુજબ નજીકનાં દશાંશમાં વસુલ કરવા)

**F.P.NO.24/1, PLOT NO. 1 to 66 & 81 to 174**

| પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | આકાર રકમ રૂા. | પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | આકાર રકમ રૂા. | પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | આકાર રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 129.28 | 32.32 | 91 | 94.14 | 23.54 | 142 | 139.57 | 34.89 |
| 2 | 195.14 | 48.79 | 92 | 103.19 | 25.80 | 143 | 139.57 | 34.89 |
| 3 | 96.64 | 24.16 | 93 | 62.31 | 15.58 | 144 | 62.31 | 15.58 |
| 4 | 96.72 | 24.18 | 94 | 62.31 | 15.58 | 145 | 62.31 | 15.58 |
| 5 | 118.32 | 29.58 | 95 | 62.31 | 15.58 | 146 | 62.31 | 15.58 |
| 6 | 118.36 | 29.59 | 96 | 62.31 | 15.58 | 147 | 62.31 | 15.58 |
| 7 | 238.84 | 59.71 | 97 | 62.31 | 15.58 | 148 | 62.31 | 15.58 |
| 8 | 136.56 | 34.14 | 98 | 62.31 | 15.58 | 149 | 62.31 | 15.58 |
| 9 | 136.56 | 34.14 | 99 | 62.31 | 15.58 | 150 | 62.31 | 15.58 |
| 10 | 122.33 | 30.58 | 100 | 62.31 | 15.58 | 151 | 62.31 | 15.58 |
| 11 | 122.33 | 30.58 | 101 | 62.31 | 15.58 | 152 | 62.31 | 15.58 |
| 12 | 62.31 | 15.58 | 102 | 62.31 | 15.58 | 153 | 62.31 | 15.58 |
| 13 | 62.31 | 15.58 | 103 | 62.31 | 15.58 | 154 | 62.31 | 15.58 |
| 14 | 62.31 | 15.58 | 104 | 62.31 | 15.58 | 155 | 62.31 | 15.58 |
| 15 | 62.31 | 15.58 | 105 | 62.31 | 15.58 | 156 | 62.31 | 15.58 |
| 16 | 62.31 | 15.58 | 106 | 62.31 | 15.58 | 157 | 62.31 | 15.58 |
| 17 | 62.31 | 15.58 | 107 | 62.31 | 15.58 | 158 | 62.31 | 15.58 |
| 18 | 62.31 | 15.58 | 108 | 139.57 | 34.89 | 159 | 95.53 | 23.88 |
| 19 | 62.31 | 15.58 | 109 | 139.57 | 34.89 | 160 | 102.83 | 25.71 |
| 20 | 62.31 | 15.58 | 110 | 62.31 | 15.58 | 161 | 160.32 | 40.08 |
| 21 | 62.31 | 15.58 | 111 | 62.31 | 15.58 | 162 | 160.32 | 40.08 |
| 22 | 62.31 | 15.58 | 112 | 62.31 | 15.58 | 163 | 116.96 | 29.24 |
| 23 | 62.31 | 15.58 | 113 | 62.31 | 15.58 | 164 | 116.96 | 29.24 |
| 24 | 123.53 | 30.88 | 114 | 62.31 | 15.58 | 165 | 168.84 | 42.21 |
| 25 | 123.53 | 30.88 | 115 | 62.31 | 15.58 | 166 | 183.76 | 45.94 |
| 26 | 62.31 | 15.58 | 116 | 62.31 | 15.58 | 167 | 95.24 | 23.81 |
| 27 | 62.31 | 15.58 | 117 | 62.31 | 15.58 | 168 | 138.64 | 34.66 |
| 28 | 62.31 | 15.58 | 118 | 62.31 | 15.58 | 169 | 138.64 | 34.66 |
| 29 | 62.31 | 15.58 | 119 | 62.31 | 15.58 | 170 | 182.04 | 45.51 |
| 30 | 62.31 | 15.58 | 120 | 62.31 | 15.58 | 171 | 116.08 | 29.02 |
| 31 | 62.31 | 15.58 | 121 | 62.31 | 15.58 | 172 | 116.08 | 29.02 |
| 32 | 62.31 | 15.58 | 122 | 62.31 | 15.58 | 173 | 116.08 | 29.02 |
| 33 | 62.31 | 15.58 | 123 | 62.31 | 15.58 | 174 | 265.19 | 66.30 |
| 34 | 62.31 | 15.58 | 124 | 62.31 | 15.58 | | | |
| 35 | 62.31 | 15.58 | 125 | 95.53 | 23.88 | | | |
| 36 | 62.31 | 15.58 | 126 | 95.53 | 23.88 | | | |
| 37 | 62.31 | 15.58 | 127 | 62.31 | 15.58 | | | |
| 38 | 122.33 | 30.58 | 128 | 62.31 | 15.58 | | | |
| 39 To 44 & 61 To 66 | 867.72 | 216.93 | 129 | 62.31 | 15.58 | | | |
| 45 To 52 | 559.66 | 139.92 | 130 | 62.31 | 15.58 | | | |
| 53 To 60 | 559.66 | 139.92 | 131 | 62.31 | 15.58 | | | |
| 81 | 139.57 | 34.89 | 132 | 62.31 | 15.58 | | | |
| 82 | 62.31 | 15.58 | 133 | 62.31 | 15.58 | | | |
| 83 | 62.31 | 15.58 | 134 | 62.31 | 15.58 | | | |
| 84 | 62.31 | 15.58 | 135 | 62.31 | 15.58 | | | |
| 85 | 62.31 | 15.58 | 136 | 62.31 | 15.58 | | | |
| 86 | 62.31 | 15.58 | 137 | 62.31 | 15.58 | | | |
| 87 | 62.31 | 15.58 | 138 | 62.31 | 15.58 | | | |
| 88 | 62.31 | 15.58 | 139 | 62.31 | 15.58 | | | |
| 89 | 59.00 | 14.75 | 140 | 62.31 | 15.58 | | | |
| 90 | 49.37 | 12.34 | 141 | 62.31 | 15.58 | | | |

| વિગત | ક્ષેત્રફળ ચો.મી. | આકાર રકમ રૂા. |
|---|---|---|
| એફ.પી.નં.૨૪/૧, પ્લોટ એરીયા | 13005.83 | 3251.46 |
| એફ.પી.નં.૨૪/૧, આંતરિક રસ્તાં | 3712.17 | 928.04 |
| કુલ ક્ષેત્રફળ | 16718.00 | 4179.50 |

(PTO)

આ કચેરીના હુકમ નં.એનએ–લેરેકોક–૬૫–કેસ નં.૨૩૧/૧૧–૧૨ તા.   –૬–૨૦૧૨ સાથે જોડવાનું પત્રક–૧

(આકાર રૂ.૦.૨૫ પૈસા મુજબ નજીકનાં દશાંશમાં વસુલ કરવા)

**F.P.NO.24/2, PLOT NO. 197 to 260**

| પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | આકાર રકમ રુ. | પ્લોટ નંબર | ક્ષેત્રફલ ચો.મી. | આકાર રકમ રુ. | પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | આકાર રકમ રુ. |
|---|---|---|---|---|---|---|---|---|
| 197 | 111.13 | 27.78 | 219 | 62.31 | 15.58 | 241 | 62.31 | 15.58 |
| 198 | 62.31 | 15.58 | 220 | 62.31 | 15.58 | 242 | 62.31 | 15.58 |
| 199 | 62.31 | 15.58 | 221 | 62.31 | 15.58 | 243 | 62.31 | 15.58 |
| 200 | 62.31 | 15.58 | 222 | 62.31 | 15.58 | 244 | 62.31 | 15.58 |
| 201 | 62.31 | 15.58 | 223 | 62.31 | 15.58 | 245 | 62.31 | 15.58 |
| 202 | 62.31 | 15.58 | 224 | 62.31 | 15.58 | 246 | 116.70 | 29.18 |
| 203 | 62.31 | 15.58 | 225 | 62.31 | 15.58 | 247 | 116.70 | 29.18 |
| 204 | 62.31 | 15.58 | 226 | 62.31 | 15.58 | 248 | 62.31 | 15.58 |
| 205 | 62.31 | 15.58 | 227 | 62.31 | 15.58 | 249 | 62.31 | 15.58 |
| 206 | 62.31 | 15.58 | 228 | 62.31 | 15.58 | 250 | 62.31 | 15.58 |
| 207 | 62.31 | 15.58 | 229 | 68.28 | 17.07 | 251 | 62.31 | 15.58 |
| 208 | 62.31 | 15.58 | 230 | 76.82 | 19.21 | 252 | 62.31 | 15.58 |
| 209 | 62.31 | 15.58 | 231 | 94.48 | 23.62 | 253 | 62.31 | 15.58 |
| 210 | 62.31 | 15.58 | 232 | 58.89 | 14.72 | 254 | 62.31 | 15.58 |
| 211 | 62.31 | 15.58 | 233 | 62.31 | 15.58 | 255 | 62.31 | 15.58 |
| 212 | 62.31 | 15.58 | 234 | 62.31 | 15.58 | 256 | 62.31 | 15.58 |
| 213 | 116.70 | 29.18 | 235 | 62.31 | 15.58 | 257 | 62.31 | 15.58 |
| 214 | 116.70 | 29.18 | 236 | 62.31 | 15.58 | 258 | 62.31 | 15.58 |
| 215 | 62.31 | 15.58 | 237 | 62.31 | 15.58 | 259 | 62.31 | 15.58 |
| 216 | 62.31 | 15.58 | 238 | 62.31 | 15.58 | 260 | 141.77 | 35.44 |
| 217 | 62.31 | 15.58 | 239 | 62.31 | 15.58 | | | |
| 218 | 62.31 | 15.58 | 240 | 62.31 | 15.58 | | | |

| વિગત | ક્ષેત્રફળ ચો.મી. | આકાર રકમ રુ. |
|---|---|---|
| એફ.પી.નં.૨૪/૨, પ્લોટ એરીયા | 4382.91 | 1095.73 |
| એફ.પી.નં.૨૪/૨, આંતરિક રસ્તાં | 1475.09 | 368.77 |
| કુલ ક્ષેત્રફળ | 5858.00 | 1464.50 |

સર્વે નંબર–૬૧/૧ પૈકી ૧ ની ટી.પી.સ્કીમ નં.૧૮ ના મુળ ખંડ નં.૨૪ ની જમીન ચો.મી.૩૨૩૭૫–૦૦ ની સામે આખરી ખંડ નં.૨૪/૧ ની જમીન ચો.મી.૧૬૭૧૮–૦૦ તથા આખરી ખંડ નં.૨૪/૨ ની જમીન ચો.મી.૫૮૫૮–૦૮ મળી કુલ ફાળવેલ જમીન ચો.મી.૨૨૫૭૬–૦૦ પૈકી રોડ રીઝર્વેશન તથા ટી.પી. કપાતમાં કપાત થતી જમીનની વિગત

| વિગત | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|
| પ્લોટ નં.૧૭૫ થી ૧૯૬ | 1821.95 |
| પ્લોટ નં.૨૬૧ થી ૨૭૧ | 786.59 |
| પ્લોટ નં.૬૭ થી ૮૦ | 998.38 |
| કોમન પ્લોટ નં.૧ | 1098.87 |
| કોમન પ્લોટ નં.૨ | 594.14 |
| કોમન પ્લોટ નં.૩ | 1553.50 |
| રસ્તાંમાં કપાત | 2945.57 |
| એફ.પી.નં.૨૪/૧ | 16718.00 |
| એફ.પી.નં.૨૪/૨ | 5858.00 |
| કુલ ક્ષેત્રફળ | 32375.00 |

| વિગત | ક્ષેત્રફળ ચો.મી. | આકાર રકમ રુ. |
|---|---|---|
| એફ.પી.નં.૨૪/૧ | 13005.83 | 3251.46 |
| એફ.પી.નં.૨૪/૧, આંતરિક રસ્તાં | 3712.17 | 928.04 |
| એફ.પી.નં.૨૪/ | 4382.91 | 1095.73 |
| એફ.પી.નં.૨૪/૨, આંતરિક રસ્તાં | 1475.09 | 368.77 |
| કોમન પ્લોટ ૧ થી ૩ | 3246.51 | 811.63 |
| રીઝર્વેશનમા કપાત | 6552.49 | 0.00 |
| કુલ ક્ષેત્રફળ | 32375.00 | 6455.63 |

રવાના કર્યું

મામલતદાર

બિનખેતી શરતભંગ

રાજકોટ

કલેક્ટર કચેરી રાજકોટ જિલ્લા

સહી:–(ડો. રાજેન્દ્ર કુમાર)

કલેક્ટર

રાજકોટ જિલ્લા

રાજકોટ